વડીલોને વંદન

અભિનંદન

કંચનબેન ગોવિંદભાઈ જેસલપુરા
(૧૯૫૧)
ફોન : ૨૩૨૩૩૬૭૧

વૈષ્ણોદેવી સર્કલ પાસે બે કલાક ટ્રાફિક ચક્કાજામ

એસ.જી.હાઈવે પરના પાર્ટી પ્લોટોમાં ભરમાર હોવાથી ટ્રાફિકમાં ચાર ગણો વધારો : ભારે ટ્રાફિક જામ વચ્ચે લોકો બે કલાક અટવાયા લગ્નમાં હાજરી આપવા નીકળેલા સ્નેહિજનોએ ટ્રાફિકને લીધે લગ્ન સ્થળે ચાંદલો કરી હોટલમાં જમવાનો વારો આવ્યો

ગાંધીનગર, તા. ૭

શિયાળાની ફૂલગુલાબી ઠંડી સાથે લગ્નસરાની મોસમ પણ પુરબહારમાં સોળે કળાએ ખીલી છે. ચાલુ વર્ષે ડિસેમ્બર માસ લગ્નના અનેક વણજોયા મુહૂર્ત હોવાથી યુગલો લગ્નગ્રંથીથી જોડાય રહ્યા છે. લોકો ભવ્ય અને મોંઘાદાટ લગ્ન કરવા ભવ્યાતી ભવ્ય આયોજન કરી રહ્યા છે.

ગાંધીનગર શહેરમાં પણ લગ્નની મોસમમાં મોટી સંખ્યામાં લગ્નસમારોહ યોજાયા હતા. ચાલુ ડિસેમ્બર માસમાં અનેક લગ્ન સમારોહ વચ્ચે ગાંધીનગર-સરખેજ હાઈ-વે પર સ્થિત તમામ મોંઘાદાટ પાર્ટી પ્લોટો, કલબ અને લગ્નવાડીઓ પેક થઈ ગયા હતા. એક સાથે અનેક લગ્નપ્રસંગ હોવાથી ગાંધીનગર-સરખેજ હાઈ-વે પર વાહનોની ભારે ભીડ જોવા મળી હતી. ગત રોજ એસ.જી. હાઈ-વે પર વૈષ્ણોદેવી સર્કલથી કર્ણાવતી કલબ સુધીનો આખો હાઈ-વે વાહનોના ટ્રાફિકને લીધે અંદાજે બે કલાક સુધી જામ થઈ ગયો હતો. જેને લીધે લગ્ન પ્રસંગે હાજરી આપવા જતા મહેમાનો બે-ત્રણ કલાક બાદ લગ્ન સ્થળો પર પહોંચ્યા હતા. જ્યારે કેટલાક લોકોએ લગ્નના જમણવારમાં જઈ ચાંદલો કરી મોડી રાત્રે હોટલમાં જમવા જવાનો વારો આવ્યો હતો. ગાંધીનગર-સરખેજ હાઈવે પર ભારે વાહનોના અવરજવરને પગલે વૈષ્ણોદેવી સર્કલ પર અનેકવાર ટ્રાફિકજામ અને અકસ્માતના બનાવો સર્જાય છે. ત્યારે વૈષ્ણોદેવી સર્કલ પર જ ઓવરબ્રિજ બનાવવાની તાતી જરૂરિયાત છે.

ગાંધીનગરમાં ૧૩મીએ સાધ્વી ઋતુંભરાજીનું જાહેર પ્રવચન

સે. ૧૧ના રામકથા મેદાનમાં તા. ૧૩મી ડિસેમ્બરથી યોજાશે : કેન્દ્રિય મંત્રી સાધ્વી નિરંજન જ્યોતિ અને સાધ્વી ઋતુંભરાદેવી સહિત અનેક મહામંડલેશ્વરો-સંતો પધારશે : તા. ૧૨મી ડિસેમ્બરે વેદ-પુરાણ ગ્રંથનું ભવ્ય શોભાયાત્રાનું આયોજન

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગરમાં આગામી તા. ૧૩મીથી ૧૫મી ડિસેમ્બર દરમ્યાન વિરાટ ભક્તિ વેદાંત યોગ સંત પ્રવચનનું આયોજન કરવામાં આવ્યું છે. આ સંત પ્રવચન સેક્ટર-૧૧માં આવેલ રામકથા મેદાન ખાતે સવારે ૯ થી ૧૨ અને બપોરે ૨ થી ૫.૩૦ વાગ્યા દરમ્યાન યોજાશે. સ્વામી વૈરાગ્યનંદગિરિજી મહારાજ તથા આયોજન સમિતિ દ્વારા આયોજિત આ સંત પ્રવચનમાં મહામંડલેશ્વર સ્વામી ચિત્યપ્રકાશાનંદગિરિજી અને સાધ્વી ઋતુંભરાજ સહિત કેન્દ્રિયમંત્રી સાધ્વી નિરંજન જ્યોતિ તેમજ અનેક વિદ્વાન સંતો ઉપસ્થિત રહેનાર છે.

હિન્દુ સમાજમાં ધર્મની સાચી સમજ ફેલાય અને સમાજમાં શાંતિ, દિવ્યતા અને હકારાત્મક વિચારોનું સિંચન થાય એ હેતુથી ગાંધીનગરમાં ભક્તિ, યોગ અને વેદાંત અંગે વિરાટ સંત પ્રવચનનું આયોજન કરાયું છે. આ સંત પ્રવચન કાર્યક્રમ વિશેષ કામખ્યા ઉપાસક સ્વામી વૈરાગ્યનંદગિરિજી મહારાજના આશિર્વચનથી કરાયું છે. જેમાં સાધ્વી ઋતુંભરાદેવી અને મહામંડલેશ્વર સ્વામી ચિત્પ્રકાશાનંદગિરિજી મહારાજ સહિત શાંતિ સ્વરૂપાનંદજી, શાશ્વતાનંદગિરિજી, ગુરુમા સમાનંદ સરસ્વતિજી, અનુભૂતાનંદગિરિજી, પરમાત્માનંદગિરિજી, કેન્દ્રિયમંત્રી સાધ્વી નિરંજન જ્યોતિ, મહેશાનંદગિરિજી, ચિન્મયાનંદ સરસ્વતિજી, શાંદીપેન્દ્રગિરિજી, સાધ્વી માનસમંજરી વેદપ્રકાશદીદી, સાધ્વી સત્યપ્રિયાજી, સાધ્વી પિતામ્બરાજી, પરમાત્માનંદજી, ફુલડોલ વિહારીદાસજી, મહેશાનંદગિરિજી, સાધ્વી શામ્ભવીજી, આદિત્યાનંદગિરિજી, હરિહરાનંદજી, બ્રહ્માનંદ પરમહંસજી અને ગોપાલાનંદગિરિજી જેવા અનેક વિદ્વાન સંતો-મહામંડલેશ્વરો ઉપસ્થિત રહી તેમની સંતવાણીનો લાભ આપશે. આ કાર્યક્રમનો તા. ૧૩મી ડિસેમ્બરે સવારે ૭.૩૦ વાગે વેદ-પુરાણ પોથી પુજન દ્વારા પ્રારંભ કરાશે. જો કે આ અગાઉ તા. ૧૨મી ડિસેમ્બર શુક્રવાર બપોરે ૩ થી ૬ દરમ્યાન આ વેદ-પુરાણ ગ્રંથથી ભવ્ય શોભાયાત્રા સેક્ટર-૧ના ગાયત્રી મંદિરથી કાઢવામાં આવશે. ત્રણ દિવસના આ ભવ્ય કાર્યક્રમ થકી ગાંધીનગરની ધર્મપ્રેમી જનતાને પ્રેરક વાણીનો લાભ પ્રાપ્ત થશે.

એક જ પરિવારના ત્રણ બર્થ ડે આ તો કેવી અજબ જેવી વાત છે...!

ગાંધીનગર, તા.૭

તારીખોનો ખેલ અજબનો હોય છે. કોઈકનો જન્મદિવસ કોઈ તહેવારો, ખાસ સેલિબ્રિટી કે વિશિષ્ટ ઘટના સાથે સંકળાયેલી તારીખે આવે તો યાદગાર બની જાય છે... પરિવારમાં બે જણના જન્મદિવસ એક સાથે આવે તોય એનો આનંદ અને જોડિયા બળલકો આવે તો એનો આનંદ, ક્યારેક મેરેજ એનિવર્સરી અને બાળકનો જન્મદિવસ સાથે આવે કે પતી-પત્નીનો જન્મદિવસ સાથે આવે, આ બધું એ પરિવારજનો માટે અતિ રોમાંચિત હોય છે.

સાહિત્ય સભાના અગ્રણી અને સર્જક સંજય થોરાતના જન્મ દિવસનો પણ કંઈક આવો જ અજબ જેવો કિસ્સો છે. તેમનો જન્મદિવસ આઠમી ડિસેમ્બરે આવે છે અને એ જ દિવસે એમની મોટી દીકરી રિધ્ધી અને નાની દીકરી અનન્યા એ બંનેનો પણ જન્મદિવસ છે.!! એક જ તારીખ અને ત્રણેયના અલગ અલગ વર્ષ, બબ્બે દીકરી અને પિતાનો જન્મદિવસ એક જ સાથે એટલે કે 'આ તો કવી અજબ જેવી વાત છે..!'

આ પરિવાર સાથે બીજી મજાની વાત એ છે કે એમના મમ્મી સુશીલાઅને સાસુ સુમન તેમજ ભારતમાતા એમ ત્રણેય માતાનો જન્મદિવસ જન્મદિવસ ૧૫મી ઓગષ્ટે એટલે એક જ દિવસે છે...! બીજી રોમાંચિત થવાય એવી વાત એ છે કે ગાંધીનગરના જાણીતા ગાયનેકોલોજીસ્ટ જેમના હસ્તે રિધ્ધી અને અનન્યા જન્મ્યા છે એવા ડૉ. મીરાબેન બુટાણીના ઘરમાં પણ આવો જ કિસ્સો છે. ડૉ. એન.જી. બુટાણી અને એમના બંને દીકરા સની અને ડેનીનો જન્મદિવસ એક જ દિવસે એટલે કે પાંચમી મે ના રોજ આવે છે!!

સંજય થોરાતના નાના ભાઈ બહેન વિશાલ-વૈશાલી જોડિયા છે એટલે એક જ જન્મતારીખ, એમના મિત્ર અને જાણીતા બિલ્ડર જગત કારાણી અને એમનાં પત્ની ચેતનાબેનનો ૨૧ જાન્યુઆરી એક જ દિવસે તો અન્ય મિત્ર ગાંધીનગરના જાણીતા એનેસ્થેટીક ડૉ. જયેશ શાહ અને એમની દીકરી તરજુનો જન્મદિવસ એક જ દિવસે એટલે કે પાંચમી નવેમ્બરે આવે છે!! તારીખોના રોમાંચની આ યાદી હજુ લાંબી થઈ શકે છે..

ગાંધીનગરની વિવિધ સંસ્થા અને પ્રવૃત્તિઓ સાથે સક્રિય રીતે સંકળાયેલા સંજય થોરાત અને એમની બંને દીકરીઓ રિધ્ધી અને અનન્યાને કુદરતની કેવી આ કમાલની ગિફટ છે કે એક સાથે એક બીજાને 'ચિયર્સ' કરી હેપ્પી બર્થ ડેને 'સેમ ટુ યુ કહી' શુભેચ્છા પાઠવી શકે છે..! એવા આ લકી સ્ટાર પરિવારને 'હેપ્પી બર્થ ડે ટુ યુ' સાથે અનેક શુભેચ્છાઓ..!!

હવે પ્રિપેડ કાર્ડથી એક લાખ સુધીની ખરીદીની છૂટ

પ્રિપેડ કાર્ડની રકમ મર્યાદા બમણી કરાઈ

ગાંધીનગર, તા. ૭

રિઝર્વ બેન્કે પેમેન્ટ ચૂકવણીના પ્રિપેડ સાધનો સાથે સંકળાયેલા નિયમોને સરળ કરતા પ્રિપેડ કાર્ડની રકમ મર્યાદા ૫૦,૦૦૦ થી બમણી વધારી ૧,૦૦,૦૦૦ સુધીની કરી આપી છે. પ્રિપેડ કાર્ડથી ખરીદારી કરનારા ગ્રાહકો અને કાર્ડધારકોને આથી અગાઉ કરતા ખરીદી વધુ આસાન થઈ જશે. પ્રિપેડ કાર્ડ ડેબિટ કાર્ડની જેમ હોય છે જેમાં બેન્ક ખાતાની મદદથી અગાઉથી પૈસા જમા કરાવવામાં આવે છે તેનો ઉપયોગ શોપીંગ મોલ, રેસ્ટોરા અને ઓનલાઈન ખરીદીમાં વિશેષરૂપે થાય છે. કાર્ડમાં પૈસાની મર્યાદા ખતમ થતા ફરીથી રાશિ જમા કરાવવામાં આવે છે. કાર્ડ ચોરાઈ જવાની કે ગુમ થવાની સ્થિતિમાં ડેબિટ કાર્ડની જેમ જ બેન્ક મારફત બંધ કરાવી શકાય છે. રિઝર્વ બેન્કે હવે આવા પ્રિપેડ કાર્ડની રકમ બમણી કરતા કાર્ડધારકોને ઘડીવારે રિચાર્જ કરાવવુ નહિ પડે.

જો કે રિઝર્વ બેન્કે જણાવ્યું કે પીપીઆઈમાં બેલેન્સ ક્યારેય એક લાખ રૂપિયાથી વધુનું હોવું ના જોઈએ. બજારમાં રોકડ રકમથી થતી લેણદેણ ઘટાડવાના ઈરાદે આવા વૈકલ્પિક સાધનોને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યા છે. આ સાથે ગિફ્ટ (ભેટ) કાર્ડની કાયદેસરતાની સમયાવધિ એક વર્ષથી વધારી ત્રણ વર્ષની કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે રિઝર્વ બેન્કના ગવર્નર રઘુરામ રાજને ગયા વર્ષએ સપ્ટેમ્બરમાં પદભાર સંભાળ્યા બાદ મોબાઈલ બેન્કીંગ અને કાર્ડથી લેવડ-દેવડ વધુ સરળ બનાવવાનો સંકેત આપ્યો હતો. વિદેશથી આવનારા લોકો માટે પ્રિપેડ કાર્ડની પરિવારના સભ્ય દીઠ પ્રિ-પેડ કાર્ડ આપવાની સૂચના પણ જારી કરવામાં આવી છે.

ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ ટૂંકમાં જાહેર થશે

ઉત્તરવાહીઓ ચકાસવાની પ્રકિયા પૂર્ણ કરી દેવાઈ : બોર્ડ હાલમાં પરિણામ તૈયાર કરવાની કામગીરીમાં વ્યસ્ત : વિદ્યાર્થી ઉત્સુક

અમદાવાદ, તા.૭

ગુજરાત માધ્યામિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ઓક્ટોબર ૨૦૧૪માં લેવામાં આવેલી સાયન્સ પ્રથમ અને ત્રીજા સેમેસ્ટરની પરીક્ષાનું પરિણામ આવતીકાલથી શરૂ થઈ રહેલ સપ્તાહમાં જાહેર કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. જેને લઈને બોર્ડ હાલમાં પરિણામ તૈયાર કરવાની કામગીરી પુરજોશમાં શરૂ કરી દીધી હોવાનું જાણવા મળે છે સાયન્સનું પરિણામ બોર્ડની વેબસાઈટ પર જાહેર કરાશે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૧ સાયન્સ પ્રથમ સેમેસ્ટર અને ધોરણ-૧૨ સાયન્સ ત્રીજા સેમેસ્ટની પરીક્ષા ઓક્ટોબર ૨૦૧૪માં લેવામાં આવી હતી. પરીક્ષા પૂર્ણ થયા બાદ થોડા જ દિવસોમાં બોર્ડ સાયન્સની પ્રોવિઝનલ આન્સર કી જાહેર કરી હતી પ્રોવિઝનલ આન્સર કીમાં ભૂલ હોય તો વિદ્યાર્થીઓ પાસેથી વિગતો મંગવાઈ હતી. જેમાં ૩૦૦ જેટલા વાંધાઓ રજૂ થયા બાદ નિષ્ણાંતો પાસે તપાસ કરાવી ફાઈનલ આન્સર કી જાહેર કરવામાં આવી હતી જોકે ફાઈનલ આન્સર કી જાહેર કરવામાં આવી હતી હવે બોર્ડ દ્વારા રિવાઈઝ ફાઈનલ કીના આધારે સાયન્સ પ્રથમ અને ત્રીજા સેમેસ્ટરના અદાજે અઢી લાખ કરતા વધુ વિદ્યાર્થીઓની ઉત્તરવહીઓની તપાસ કરી પરિણામ તૈયાર કરવાની કામગીરી શરૂ કરાઈ છે બોર્ડ દ્વારા આવતીકાલથી શરૂ થતા સપ્તાહમાંજ સાયન્સના બંને પરિણામ જાહેર કરી દેવાનું આયોજન કરવામાં આવ્યું છે બોર્ડ દ્વારા સાયન્સનું પરિણામ વેબસાઈટ પર જાહેર કરવામાં આવશે. સુત્રોનાં જણાવ્યા પ્રમાણે પરીક્ષા પૂર્ણ થયા બાદ બે વાર નિષ્ણાંતો પાસે આન્સર કી ચેક કરાવ્યા બાદ પરિણામ તૈયાર કરવાની કામગીરી શરૂ કરવામાં આવી હોઈ ટૂંક સમયમાં પરિણામ જાહેર કરવામાં આવશે.

કોઈ વિદ્યાર્થીને અન્યાય ન તાય તે માટે આન્સર કી તૈયાર કરવામાં આવ્યા પછી બે વાર ચકાસવામાં આવી હતી.

વન વિભાગની આડોડાઈ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

વખતની અતિ મહત્વની ઝુંબેશમાં સાવ નિષ્ક્રિય રહેતા વસાહતીઓમાં શંકા સાથે રોષ ફેલાયો છે. દબાણ અને સફાઈના પ્રશ્નો સંદર્ભે પોતાનો સીધો સંપર્ક કરવાની અપીલ કરનાર જિલ્લા કલેક્ટરે સમગ્ર શહેરમાં વનવિભાગ આરક્ષિત જમીન પરની સાચી સ્થિતિનો તાગ વિશ્વસનિય સુત્રો પાસેથી મેળવી આ દિશામાં યોગ્ય કાર્યવાહી હાથ ધરવાની જરૂર છે. સમિટ પૂર્વે સમયસર પગલાં નહી લેવાય તો અન્ય વિભાગોએ મહામહેનતે બનાવેલા સ્વચ્છ અને સુંદર શહેરમાં વનવિભાગ આરક્ષિત વિસ્તારો સોનાની થાળી વચ્ચે લોઢાની મેખ જેવા બની રહેશે એમાં કોઈ શંકા નથી.

ઠંડીની આવશ્યકતા

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

સામાન્ય રીતે ડિસેમ્બર મહિનામાં ઠંડીનું પ્રમાણ સારૂ જોવા મળતું હોય છે. વધુ ઠંડીના કારણે ડિસેમ્બર જાન્યુઆરી મહિનામાં શાકભાજીના ભાવ લગભગ નીચે આવી જતા હોય છે. ત્યારે હાલ, ગૃહિણીઓ માટે શાકભાજી સસ્તી જોવા મળી રહી નથી. આ વર્ષે નબળો વરસાદ હોવા છતાં શાકભાજીની સારી આવક અત્યારે બજારમાં જોવા મળી રહી છે. ત્યારે મહિલાઓ ટમેટા, ભીંડો, વટાણા સહિતના શાક માટે કિલો દીઠ ૪૦-૫૦ રૂ. આપે છે. બજાર પ્રમાણે જો આગામી દિવસોમાં ઠંડીનું જોર વધશે તો બજારોમાં ભાવ નીચા આવશે. શાકભાજીમાં કોથમીરના ભાવ સૌથી ઉંચા છે. હાલ-૪૦-૫૦ રૂપિયે કિલો મળતી કોથમીરના અગાઉ ૧૨૦ રૂપિયા હતા જેમાં ૭૦ થી ૮૦ રૂપિયાનો ઘટાડો થયો છે. ઉપરાંત ઓછી ઠંડીના કારણે ગાજર, લસણ, ડુંગળીની આવક પણ થોડીક ઓછી જોવા મળી રહી છે. ત્યારે ગૃહિણીઓ માટે શાકભાજીમાં 'અચ્છે દિન' ની રાહ જોવી પડશે.

એકબાજુ શાકભાજીના ભાવ સસ્તા નથી તો બીજી બાજુ ડુંગળી-બટેટાના ભાવ પણ હજુ નીચે આવ્યા નથી. જો કે, હાલ બજારમાં બટેટાની નવી આવક શરૂ થી ગઈ છે. છતાં ડુંગળી-બટેટામાં કિલો દીઠ મહિલાઓને ૨૫-૩૦ રૂપિયા આપવા પડે છે. શિયાળાની સીઝન હોવા છતાં લોકો શાક તથઆ ઉંધીયાની મન ભરીને મન માણી શકતા નથી. જો આગામી દિવસમાં ઠંડીનું પ્રમાણ નહિ વધે તો શાકભાજીના ભાવ નીચા આવવાની હાલ શક્યતા જણાતી નથી. બજારમાં દેશી ટમેટાની પણ સારી આવક જોવા મળી રહી છે ત્યારે દેશીની સાથે વિદેશી ટમેટા પણ ભરપૂર જોવા મળે છે પણ બંનેના ભાવમાં ખાસો ફેર જોવા મળતો નથી અને લોકો ઠંડીની સીઝનમાં મોંઘાદાટ ટમેટાથી સૂપની મજા પણ માણી શકતા નથી. ભર શિયાળે લોકોને શિયાળાના શાકનો લ્હાવો મળે અને ઉંધીયું તથા સૂપનો આનંદ મળે માટે ઠંડીનું પ્રમાણ વધવું જરૂરી છે.

શબ્દાવલી - ૫૫૮૩



આડી ચાવી

૧. બેલેન્સને ગુજરાતીમાં... કહેવાય (૪)
૫. ગણપતીજીને... બહુ જ ભાવે (૩)
૭. જૈનોનો અપાસરો (૪)
૮. પાનખર (૪)
૧૦. પાડ, મહેરબાની (૪)
૧૧. રીબીન (૩)
૧૨. પવન, વાયુ (૨)
૧૫. તાકાત (૨)
૧૬. ગરજાઉ, ગરજુડુ (૫)
૧૮. મંજુર કરાવવું (૪)
૨૦. અણબનાવ (૩)
૨૧. સેવની એક વાનગી (૩)

ઊભી ચાવી

૧. મેસેજ, સંદેશો (૩)
૨. કડવા-તીખા જેવા... સ્વાદનું (૨)
૩. લપસણી (૫)
૪. માણસ, મનુષ્ય (૨)
૫. ધિક્કાર (૩)
૬. સમાચાર (૩)
૮. કામથી નવરું થવું (૫)
૯. વૃદ્ધાવસ્થા (૨)
૧૦. અવગણના, ના પાડવા છતાં... જઇ કામ કરવું (૫)
૧૧. વજન, ભાર (૨)
૧૩. એક ખાવાનું લાકડું (૨)
૧૪. શુદ્ધિ, હોશ (૨)
૧૬. સળ, કરચલી (૨)
૧૭. વીજળીનું દોરડું (૩)
૧૯. નોકર (૨)

શબ્દાવલી ૫૫૮૨ના જવાબ

આડી ચાવી :- (૧) રાંક (૩) પનાહ (૬) લાવારિસ (૮) જંગ (૯) આત્મહત્યા (૧૦) માગણી (૧૧) લીક (૧૨) ગલગલીયા (૧૫) બલી (૧૬) નફરત (૧૯) કરાર (૨૧) તકાજો (૨૨) દાનવ (૨૩) નવજાત

ઊભી ચાવી :- (૨) કલાત્મક (૩) પરિત્યાગ (૪) નાશ (૫) માંગણીયા (૭) વાહ (૮) જંગલી (૯) આલીશાન (૧૦) માંગલીક (૧૩) લબ (૧૪) ગરકાવ (૧૭) ફતન (૧૮) તજો (૨૦) રખાત

ટાઈમલાઈન

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

મહત્વના જાહેર સાહસોમાં પોલિટીકલ નિયુક્તિ થતી હતી, જે હવે થતી નથી. રાજપાની સરકારમાં તો શંકરસિંહ વાઘેલાએ તેમના ૫૦૦૦ જેટલા વફાદારોને જાહેર સાહસોમાં સમાવી લીધા હતા. એટલિસ્ટ, કેશુભાઇ પટેલના શાસનમાં પણ મહત્વના જાહેર સાહસોમાં પોલિટીકલ નિયુક્તિઓ થતી હતી. ૨૦૦૧માં મોદીના આવ્યા પછી જાહેર સાહસોમાં મુખ્યત્વે બ્યુરોક્રેટ્સની પસંદગી કરવામાં આવી છે અને આ સિલસિલો હજી ચાલુ છે. આનંદીબેન પટેલે પણ મહત્વના સાહસોમાં બ્યુરોક્રેટ્સને સ્થાન આપ્યું છે...

૧૯૬૦મા ગુજરાતનું ૧૧૫ કરોડનું બજેટ ....

ગુજરાતની સ્થાપના થયા બાદ ૧૧મી ઓગષ્ટ-૧૯૬૦ના રોજ પ્રથમ ચીફ મિનિસ્ટર ડો. જીવરાજ મહેતાએ રાજયનું સામાન્ય બજેટ રજૂ કર્યુ હતું જેનું કુલ કદ માત્ર ૧૧૫ કરોડ રૂપિયાનું હતુ જેમાં મહેસૂલી આવક ૫૪.૨૫ કરોડ અને ખર્ચ ૫૮.૧૨ કરોડનો હતો. પાઇ એ પાઇ નો હિસાબ આ બજેટમાં હતો. જો કે તે સમયે રાજયની વસતી માત્ર બે કરોડ હતી આજે બજેટનું કદ અને વસતીનું કદ પણ વધ્યું છે. આજે ગુજરાતનું સામાન્ય બજેટ ૧.૨૦ લાખ કરોડ સુધી પહોંચી ચૂક્યું છે. ૨૦૧૫-૧૬માં બજેટ ફેબ્રુઆરી મહિનામાં આવી રહ્યું ત્યારે ફાયનાન્સ ડિપાર્ટમેન્ટના સૂત્રો જણાવે છે કે આ વખતે બજેટનું કદ ૧.૩૫ લાખ કરોડ થવાની ધારણા છે...

કોંગ્રેસનો ઇતિહાસ ખૂબ જૂનો છે ....

ભારતમાં લાંબાસમય સુધી શાસન કરનારી કોંગ્રેસ પાર્ટીને ૧૩૯ વર્ષ થયા છે. આ સંસ્થાના પહેલા પ્રેસિડેન્ટ વ્યોમેશચન્દ્ર બેનરજી હતા. ૧૮૮૫માં કોંગ્રેસની રચના થઇ હતી. બીજા પ્રમુખ દાદાભાઇ નવરોજી અને ત્રીજા પ્રમુખ બદરૂદ્દીન તૈયબજી હતા. અંગ્રેજોના સમયમાં જયોર્જ યુલે અને વિલિયમ વેડર્બન તેના પ્રેસિડેન્ટ હતા. ભૂતકાળમાં સુભાષચંન્દ્ર બોઝ, લાલા લજપતરાય, મોતીલાલ નહેરૂ, ગોપાલક્રિશ્ન ગોખલે, મહાત્મા ગાંધી અને સરોજીની નાયડુ, સરદાર વલ્લભભાઇ પટેલ જેવા મહાનુભાવોએ આ પદને શોભાવ્યું છે. આ સંસ્થાએ અનેક ચડતી પડતી જોઇ છે. કોંગ્રેસનો આ એક યાદગાર ઈતિહાસ છે, જે બહું ઓછા લોકોને ખ્યાલ હશે...

કર્મયોગીના યોગ ભૂલાઇ ગયા છે ....

ચિંતન શિબિરનો ચાર્મ હવે રહ્યો નથી કારણ કે તેના પ્રેરણાદાતા હાલના પ્રાઇમ મિનિસ્ટર છે. તેઓ દિલ્હીમાં છે. કર્મયોગીનું જ્ઞાન આપનારા સિનિયર સનદી ઓફિસર હસમુખ અઢિયા પણ દિલ્હીમાં છે. આનંદીબેનની સરકારમાં ટ્રેસની અનુભૂતિ કરનારા ઓફિસરો અને કર્મચારીઓને ચિંતનના પાઠ કોણ ભણાવે છે તે નક્કી નથી. આપણા કર્મચારીઓ આટલા વર્ષોમાં કર્મયોગી થઇ ગયા છે તેથી હવે યોગ કરવાની જરૂર હોય તેમ જણાતી નથી. સાતમી ચિંતન શિબિર ૨૦૧૧માં યોજવામાં આવી હતી અને મોદીએ મૈ નહીં હમ નામક સૂત્ર આપ્યું હતુ, ત્યારબાદ તેમણે ૨૦૧૩માં ટીમ ગુજરાતનું સૂત્ર આપ્યું હતું અને છેલ્લે સૌનો સાથ સૌનો વિકાસ એવું સૂત્ર વહેતું કર્યુ હતું આજે આ ત્રણેય સૂત્રો નવી દિલ્હીના દરબારમાં હિન્દી ભાષામાં ગાજી રહ્યાં છે...

ઇન્ડસ્ટ્રીયલ પોલિસીમાં વિલંબનું કારણ ....

ગુજરાતની ઈન્ડસ્ટ્રીયલ પોલિસી બનાવવામાં ઉદ્યોગ વિભાગને નાકે દમ આવી રહ્યો છે, કારણ કે આ વખતે નવી નિતી ભારત સરકારની પોલિસીઓને અનુરૂપ બનાવવાની થાય છે. ગુજરાતે જે કર્યુ છે તે ભારત સરકાર કરી રહી છે તેથી ગુજરાત દેશભરમાં કેન્દ્રસ્થાને છે. કેન્દ્રએ માઇક્રો, સ્મોલ અને મધ્યમકક્ષાના ઉદ્યોગોને વધારે પ્રોત્સાહન આપવાની વાત કરી છે તેથી ઈન્ડસ્ટ્રીયલ પોલિસીમાં આ સેક્ટરને વધારે મહત્વ મળે તે જોવાનું રહે છે. એવું કહેવાય કે પોલિસી ગુજરાતની પણ વિચારો ભારત સરકારના છે. પોલિસીના બનાવેલા ડ્રાફ્ટ માં અનેક ગણા સુધારા સૂચવાઇ રહ્યા છે તેથી તેની જાહેરાતમાં વિલંબ થઇ રહ્યો છે. તેની સાથે બીજી પાંચ થી સાત પોલિસી અને ગાઇડલાઇન પણ વિલંબમાં ચાલે છે...

છ્બ માં કેમ છો કહેવાથી લાભ થાય ....

ચીફ મિનિસ્ટરની ઓફિસમાં દેખાતા ઓફિસરો ક્યાં તો મિટીંગમાં આવે છે અથવા તો -ઇમ પોસ્ટીંગ મેળવવાની ઈચ્છાશક્તિમાં કેમ છો કહેવા આવ્યા હોય છે. કહેવાય છે કે લાભ વિના કોઇ લટાર મારતું નથી. આનંદીબેન પટેલ ઓફિસરો પાસેથી કામ લઇ રહ્યાં છે. વહીવટી પક્કડ પ્રસ્થાપિત કરવાનો તેઓ પ્રયત્ન કરી રહ્યાં છે ત્યારે સીએની નજીક જવાની હોડ લાગી છે. ઘણાં એવા ઓફિસરો છે કે જેઓ સાઇડલાઇન થયેલા છે. તેમને પ્રાઇમ પોસ્ટીગની ઈચ્છા છે તેથી કોઇને કોઇ બહાને સ્વર્ણિમ સંકુલના ચક્કર કાપી રહ્યાં છે...

આઇટી પાર્કમાં ફરી તેજી આવી રહી છે ....

ગુજરાતમાં ઈન્ફોસિટી અને રાહેજા આઇટી પાર્ક પછી આવેલી મંદી ફરીથી તેજીમાં પલટાઇ રહી છે. રાજય સરકારે આઇટી પોલિસી જાહેર કર્યા પછી આઇટી પાર્ક સ્થાપવા માટે ૧૫ જેટલી પ્રપોઝલ્સ મળી ચૂકી છે. સાયન્સ એન્ડ ટેકનોલોજીના સૂત્રો કહે છે કે આઇટી પાર્કમાં એક મિલિયન જોબનું ક્રિયેશન થવાનું છે જયારે મૂડીરોકાણનો આંકડો ૧૭૦૦૦ કરોડને ક્રોસ કરી શકે છે. પોલિસીમાં જાહેર કર્યા પ્રમાણે આઇટી એકમને રાજયમાં ૧૦૦ ટકા સ્ટેમ્પડ્યુટી અને રજીસ્ટ્રેશન ફી મળવાનું છે, જયારે લિઝ અને રેન્ટલમાં નવા યુનિટ્સને ૨૫ ટકા સબસિડી આપવામાં આવે છે. ફાયનાન્સિયલ આસિસ્ટન્ટના લાભ પણ પ્રાપ્ત થાય છે...

દેશના રાજકારણમાં પવન પલટાયો ...

પર્સન ઓફ ધ નેશન કોણ હોઇ શકે? !! ભારતની અડધી વસતી નરેન્દ્ર મોદીને વોટ કરે તેવી સ્થિતિ છે. ૨૦૧૪માં મોદી પ્રાઇમ મિનિસ્ટર બનવાની સાથે જ મોસ્ટ પોપ્યુલર બન્યા છે. ભારતના રાજકારણમાં ઉભરતા સિતારામાં મોદી નંબર વન છે. બીજાક્રમે અમિત શાહ આવે છે, કારણ કે તેમણે રાષ્ટ્રીય ભાજપની કમાન સંભાળી છે અને ત્રીજાક્રમે આનંદીબેન પટેલ આવે છે, કેમ કે તેમણે ગુજરાતનું સર્વોચ્ચ પદ સંભાળ્યું છે. આજે દેશમાં મોદી અને ભાજપનો દબદબો છે જે પહેલાં કોંગ્રેસનો હતો. ઈન્દિરા ગાંધીના શાસન વખતે એવું કહેવાતું હતું કે ઈન્ડિયા એટલે ઈન્દિરા અને ઈન્દિરા એટલે ઈન્ડિયા, હવે પવન પલટાયો છે. આજે મોદી એટલે ઈન્ડિયા અને ઈન્ડિયા એટલે મોદી બોલાય છે...

કોંગ્રેસ મજબૂત વિપક્ષ તો બને ...

ભારતના રાજયોમાં કોંગ્રેસનું ધોવાણ થતું જાય છે. પાર્લામેન્ટમાં અને ઘણાં રાજયોમાં આ પાર્ટી વિરોધપક્ષમાં બેસી શકે તેવી હાલતમાં નથી. આ સિનારિયો બદલવા માટે કોંગ્રેસને આજે સોશ્યલ સાઇટ્સ મજબૂત બનાવી શકે તેવા આઇટી એન્જિનયરોની જરૂર છે. કોંગ્રેસના એક સિનિયર નેતાએ તો ત્યાં સુધી કહ્યું છે કે પાર્ટી ચૂંટણી લડવાનું બજેટ ભૂલી શકે છે પણ સોશ્યલ સાઇટ્સમાં ફંડ ફ્લો કરવાનો ઈન્કાર કરી શકે નહી. ડિઝિટલ ઈન્ડિયામાં આજે પાર્ટીઓ પ્રવેશી ચૂકી છે. પાર્લામેન્ટ કે વિધાનસભામાં ભલે વિરોધપક્ષનું પદ ન મળે, કોંગ્રેસે સોશ્યલ સાઇટ્સમાં મજબૂત વિરોધપક્ષની ભૂમિકા ભજવવાની આવશ્યકતા છે...

ગુજરાત સરકાર
નર્મદા જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
ઓનલાઈન જાહેર નિવિદા નં-૧૧ વર્ષ ૨૦૧૪-૨૦૧૫

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી કાર્યપાલક ઈજનેરશ્રી, કાંસ વિભાગ, સ્ટેટ વૉટર ડેટા સેન્ટર બિલ્ડીંગ, સેક્ટર-૮, ગાંધીનગર - ૩૮૨૦૦૮, (ફોન નં. ૦૭૯-૨૩૨૪૮૦૦૬)ની કચેરી દ્વારા કુલ ૩ (ત્રણ) કામો, જેની અંદાજીત રકમ રૂ. ૩.૨૦ લાખ થી ૧૩.૨૦ લાખ સુધીની છે. જે કામ માટે સરકારશ્રીમાં નોંધાયેલ ઈ-૨ વર્ગ અને ઉપરની શ્રેણીમાં વેલીડ રજીસ્ટ્રેશન ધરાવતા ઈજારદારશ્રીઓ પાસેથી ઓનલાઈન ભાવ માંગવામાં આવે છે.

ઉપર મુજબના દસ્તાવેજો વિભાગની વેબસાઈટ www.nwr.nprocure.com ઉપર તા. ૮/૧૨/૨૦૧૪થી તા. ૨૨/૧૨/૨૦૧૪ના રોજ ૧૮.૦૦ કલાક સુધી જોવા મળી શકશે. તેમજ જો શક્ય હશે તો તા. ૩૦/૧૨/૨૦૧૪ના રોજ ૧૨.૦૦ કલાકે અત્રેની કચેરીમાં ખોલવામાં આવશે. ટેન્ડર સાથે અસલમાં ટેન્ડર ફીનો ડી.ડી. તેમજ બાનાની રકમ ઈ.એમ.ડી (ઓછામાં ઓછી ૧૮૦ દિવસ મુદતની) કાર્યપાલક ઈજનેરશ્રી, કાંસ વિભાગ, ગાંધીનગરના નામની તથા બેંક સોલવંશી ચાલુ કેલેન્ડર વર્ષ (૨૦૧૪), તાજુ નોંધણીનું પ્રમાણપત્ર, પાન નંબર વગેરે દસ્તાવેજો ટેન્ડર સાથે સ્કેન કરીને અચુક અપલોડ કરવાના રહેશે. જે તે દસ્તાવેજો તા. ૨૩/૧૨/૨૦૧૪ થી તા. ૨૯/૧૨/૨૦૧૪ સુધી સમય ૧૮.૦૦ કલાક સુધી અત્રેની કચેરીએ રજીસ્ટર પોસ્ટ એ.ડી. / સ્પીડ પોસ્ટ દ્વારા મોકલી આપવાના રહેશે.

વિગતવાર નિવિદા તથા સંલગ્ન માહિતી માટે કામકાજના ચાલુ દિવસોએ કચેરી સમય દરમિયાન અત્રેની કચેરીનો સંપર્ક કરવા વિનંતી છે. ઓનલાઈન ટેન્ડરો ભરવા માટે ખાતાની વેબસાઈટ www.nwr.nprocure.com જોવા વિનંતી.

અત્રે આવેલ ટેન્ડરો પૈકી કોઈપણ એક કે બધા ટેન્ડરો સ્વીકારવા કે રદ કરવા તેનો હક્ક / અધિકારી ખાતાને અબાધિત રહેશે. જેના કોઈ જ કારણો આપવામાં આવશે નહિ.

માહિતી/૧૮૮૧/૨૦૧૪-૧૫